શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન
જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

# જ્ઞાતિમૈયા

**જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર**

ઈ-મેગેઝીન ● વર્ષ : ૧ ● અંક : ૫૧ ● તા. ૦૧ જૂન થી ૦૭ જૂન ૨૦૧૯

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir,
Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.



## પાલીતાણા તીર્થ ૯૯ યાત્રાની ભવ્ય શોભાયાત્રા નીકળી



# પાલીતાણા ૯૯ યાત્રાના ભાંડુપ જૈન સંઘના સંઘપતિ અને સંઘ માતાની સંઘમાળ વિધિ



બે ફૂલ ચઢાવે મૂર્તિ પર
પ્રભુ નહિં મળે સસ્તામાં
ઈશ્વર પડ્યો નથી રસ્તામાં
કૃષ્ણની પાસે જવું હોય,
તો થાવું પડે સુદામા

– અજ્ઞાત



નીશિથ આનંદ દંડ

Sure Safety®
Complete Safety Solutions
PPE Training Consulting & Services



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણીલાલ ખોના

લક્ષ્મીચંદ લાલજી પોલડીયા

પ્રવીણ હંસરાજ લોડાયા

તીલોકચંદ નરશી દંડ

કિર્તીકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building,
Gr.Floor, LBS Marg, Bhandup
(West) Mumbai - 78.

**Tel. 9769991922
9833406124**

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ ઓચ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


# અમારી વાત...

## સંપાદક સ્થાનેથી

# જીવન ઘડતરના પાઠ

શિલ્પી કે ઘડવૈયો એ સર્જક છે. એ પત્થરને પૂજનીય બનાવી દે છે. નિર્જીવ પથ્થરમાંથી મૂર્તિ બનાવી સૌ એ પૂજ્યનીય પથ્થરને નમતા, પૂજતા કરી દે છે. એ કૌવત એના ટાંકણા-હથોડીમાં છે. એવું જ પૂજનીય, આદરણીય સ્થાન આપવા જીવન ઘડવૈયા શિક્ષક, માવતર પાલકોનું છે. જેઓ આપણા અબુધ આત્માને શિક્ષિત, સંસ્કારમય બનાવી જીવન જીવવા લાયક બનાવે છે. ટોળા કે જૂથ કે સમૂહમાં આપણે અલગ તરી આવી એ દેખાઈ આવીએ એ એમના પ્રતાપે, એમના મહેનત ને લીધે છે.

શિક્ષક, માતા પિતાને સાથ સાથ આપણા મિત્રો પણ આપણા જીવન ઘડતરમાં ભાગ ભજવે છે. આપણો ઘણો સમય એમના સાંનિધ્યમાં વિતતો હોવાથી આપણા વિચારો, લાગણીઓ, સંસ્કારનું રોપણ એમના સંસર્ગથી થાય છે. ઉત્તમ સંસ્કારી અને વિશ્વાસુ મિત્ર હોવા એ પણ એક જાતનું આપણું સદ્‌ભાગ્ય છે.

સજીવ જીવને સંસ્કારિત કરવા મુશ્કેલ છે. જ્યારે જડ વસ્તુને સંસ્કારિત કરવાનું, એનો આકાર આપવો કાર્ય પડકાર જનક તોય આસાન છે એ દેખીતી વાત છે. કારણ કે જડ વસ્તુ નિર્જીવ જીવને વાતાવરણ સાથે કે સંગ સાથે કોઈ લેવા દેવા નથી. ગમે તેવું કલુષિત વાતાવરણ હોય, દુર્ગંધ ભર્યો માહોલ હોય, ગંદકીથી લથબથ પદાર્થને કુશળ શિલ્પી સહજતાથી, ધૈર્ય અને સમજણથી પ્રભુ પ્રતિમામાં રૂપાંતરણ કરી દે છે. આ ચમત્કાર શિલ્પીના જ્ઞાન, અનુભવ અને સમજણ ને છે જે જડને જીવંત બનાવી દે છે.

કાચા કુમળા રોપ જેવા બાળકોમાં આજે શીલ, સદાચાર અને સંસ્કાર, સભ્યતાનું સીંચન આપવું ભારે પ્રતિકુળ ભર્યુ છે. ઉત્તમ આદર્શોનો દ્રષ્ટાંત આપી સમજાવવા મુશ્કેલ છે. બાળકોના જીવન પર ઉપદેશની અસર એટલી નથી થતી જેટલી ઉદાહરણ આપવાથી થાય છે. સંતોનોને તમે શું સંભળાવો છો. એના કરતાં તમે શું તેમને દેખાડો છો એ ખૂબ મહત્વનું છે.

આચારના ઘડતરમાં વિચારોના ફાળો ભલે મહત્વનો હોય છે. પણ વિચારને વલણ ના ઘડતરમાં તો વાતાવરણનો ફાળો જ મહત્વ છે. ચાહે સંસ્થા હોય, સમાજ હોય કે સંગઠન હોય. સમૂહના મેળા જેવા આ દરેક અંગનું એક આગવું બંધારણ હોય છે. જે પરિવારના એક સભ્યના વિકાસને રોકે નહીં અને સંભવિત વિનાશને સ્થગિત કર્યા વિના રહે નહીં.

સંતાન પ્રત્યે માતા પિતાની દ્રષ્ટિ અલગ હોય છે. પિતાને બાળકના ભણતરમાં વધુ રસ હોય છે. જ્યારે માતાને બાળકના ઘડતરમાં વધુ રસ હોય છે. બાળક ધનવાન બને એ લક્ષ્ય પિતાનું હોય છે. જ્યારે બાળક સંસ્કારવાન બને એ ધ્યેય માતાનું હોય છે.

પાલનહારનો પ્રેમ બાળકના જીવનને બગાડી બેસે એ વિવેકપૂર્ણ પ્રેમ અને તેને કમજોર ન બનાવી બેસે એ સપ્રમાણ પ્રેમ. આમ વાસ્તવિકતા સાથે સંતાનોનું ઘડતર આદર્શ રીતે થઈ શકે છે.

– જય જ્ઞાતિમૈયા

# પાલીતાણા તીર્થ ૯૯ યાત્રાની ભવ્ય શોભાયાત્રા નીકળી

તા.૨૯મે ૨૦૧૯ બુધવારના ૯૯ યુવા યાત્રાના સર્વે યાત્રિકો, કાર્યકરો સંઘપતિ પરિવારોની પાલીતાણા તળેટીથી ગુણોદય પુરમ ધર્મશાળા સુધી ભવ્ય શોભાયાત્રા નીકળી. તેમાં સૌ જોડાયા હતા અને ઉમંગ, ઉત્સાહથી સૌ જોડાયા હતા અને સૌ એ સંગાથ માણતા ભવ્યતાથી આનંદ માણ્યો હતો. યાત્રા પૂર્ણતાને આરે પહોંચી છે. દોઢ માસનો સંગાથ હવે યાદોમાં, સંભારણામાં જ જકડાઈ રહેશે એ એટલું જ ખરું.

# પાલીતાણા ૯૯ યાત્રાના ભાંડુપ જૈન સંઘના સંઘપતિ અને સંઘ માતાની સંઘમાળ વિધિ







તા.૩૦ મે ૨૦૧૯ ગુરૂવારના રોજે ગુરૂ ગુણોદય ૯૯ યાત્રાના સંઘપતિઓની સંઘમાળ વિધિ થઈ. તે પહેલા ક.દ.ઓ. જૈન સંઘ ભાંડુપના સંઘપતિ અને સંઘમાતા શ્રી ધનેશભાઈ કુંવરજી લોડાયા, શ્રી કુમારભાઈ દંડ અને શ્રી મનોજભાઈ લોડાયા સજોડે વંદન ક્રિયામાં કાર્યરત છે.



# પાલીતાણા તીર્થ ૯૯ યાત્રામાં અદ્‌ભૂત ઘટના ઘટી





તા. ૨૫ મે ૨૦૧૯ શનિવારનો દિવસ ગુણ ગુણ હોય સિધ્ધાચલ ૯૯ યાત્રાનો અદ્‌ભૂત દિવસ રહ્યો હતો. ત્રણ યુવા યાત્રિકોએ મક્કમ મનોબળથી આંખો પર પાટા બાંધીને ગિરી રાજતીર્થની યાત્રા કરવાની શરૂઆત કરી અને દાદાના દરબારમાં દાદાશ્રી આદિનાથની પ્રતિમા સમક્ષ આંખ પરના પાટા ખોલ્યા.

સામાન્ય રીતે દસ ડગલા આંખો બંધ કરીને કોઈપણ ચાલી માંડ શકે અથવા આપણી પોતાની બિલ્ડીંગના દાદરા પણ આંખો બંધ કરીને ચડવાની કોશિષ કરવાની હિંમત ન કરીએ. જ્યારે અહીં તો ૩૩૦૦થી વધારે દાદરા ચડવાની વાત. આ કેવળ દાદા પ્રત્યેની ભક્તિ, આસ્થા અને શ્રદ્ધાથી શક્ય બને. યુવક અને તેને સાથ આપનાર મિત્રોને ધન્ય છે અને ધન્ય છે તેમના મક્કમ મનોબળને. ખૂબ ખૂબ અનુમોદના.




# પિસ્તાલીસ આગમ તપ સુખશાતાથી પૂર્ણ કર્યું યુવા કાર્યકરએ

શ્રી શત્રુંજય મહાતીર્થના આંગણે આદિનાથ દાદાની છત્રછાયામાં મૂળ વડાલાના હાલે મસ્જિદ બંદર રહેતા ચિરાગ પ્રકાશ લોડાયા એ ગુણ ગુણોદય સિધ્ધાચલ ૯૯ યાત્રામાં કાર્યકર તરીકે સેવા આપીને પુણ્ય ભાથું ભેગું કરયું સાથો સાથ પિસ્તાલીસ આગમ તપ કરી પોતાના પુણ્યના કળશમાં વધુ એક પુણ્યનો પ્યાલો ઉમેર્યો છે.



તપ કર્યું તા. ૧૪/૦૪/૨૦૧૯ થી ૨૮/૦૫/૨૦૧૯. પિસ્તાલીસ આગમ તપની ક્રિયામાં ૪૫ એકાસણા (ફક્ત ૯ દ્રવ્ય), ૪૫ માળા શ્રી આદિનાથ દાદાની, ૪૫ માળા શ્રી ચકેશ્વરી માતાની, ૪૫ માળા શ્રી મહાકાલી માતાની, ૪૫ માળા શ્રી જ્વાળામાળની દેવીની, ૪૫ માળા શ્રી અંબિકા દેવીની, ૪૫ માળા શ્રી પદ્દમાવતી દેવીની, ૪૫ માળા શ્રી ગૌમુખયક્ષ દેવની, ૪૫ માળા શ્રી કવડક્ષય દેવની, ૪૫ માળા શ્રી ગુરૂ ગૌતમ સ્વામીની, ૪૫ માળા શ્રી શત્રુંજય મહાતીર્થની, ૪૫ લોગસ્સનો કાઉસ્સગ, ૪૫ ખમાસણા, ૪૫ સાથિયા, ૪૫  આગમ ની ૪૫ માળા, ૪૫ દિવસ બુટ ચપ્પલ આદિ પગરખાનો ત્યાગ, ૪૫ દિવસ જિન પૂજા અને ગુરુ વંદન ત્યાર બાદ એકાસણું, ૪૫ દિવસ શ્રી શત્રુંજય મહાતીર્થ યંત્ર પૂજન અને જિનવાણીનું શ્રવણ. આ તપના પારણા તા.૨૯/૦૫/૨૦૧૯ બુધવારના સુખ શાતાથી કર્યા. યુવા તપસ્વીને ખૂબ ખૂબ અભિનંદન સાથે જાજેરી અનુમોદના.


**જ્ઞાતિમૈયા માં**

**આપની કોઈપણ મેટર અથવા જાહેરાત મોકલો**

Email Id : gyatimaiya2018@gmail.com

Email Id : mahajansamast@gmail.com

Website : www.kdosm.org

**અથવા વૉટ્સએપ પર મોકલો**

**9769991922**

**9820302853**

**9322257731**



Since 1989

*Mr. Chetankumar Momaya*
Proprietor
Jakhau - Ghatkopar

**OLYMPIA**
**TRAVELS 'N' TOURS**

" The One Stop Travel Shop, Right Where You Need It "

Air Tickets
Destination Wedding
Spiritual & Wellness Tourism
Adventure & Sports Tourism
Bollywood & Cinema Tourism

M.I.C.E. Operator
Inbound & Outbound Tours
Worldwide Cruise & Hotel Booking
Visa / Passport Assistance
Travel Insurance

Weekend Destination

Shop No.5 | Megh Ratan | Danasar Lane | Ghatkopar East | Mumbai - 400 077 | Maharashtra | India
+91-22-2501 3810/11/12
olympia_tours@hotmail.com; info@olympiatourism.in;
www.olympiatourism.in

IATA Accredited Agent

# શ્રી ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળ મુલુંડ દ્વારા નેચર ક્યોર કેમ્પ સિઝન-૩નું આયોજન



શ્રી ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળ મુલુંડ દ્વારા નેચર ક્યોર કેમ્પ સિઝન-૩ રતનવીર નેચર ક્યોર સેન્ટર બિદડા કચ્છમાં તા.૧૪ થી તા.૨૨ સપ્ટેમ્બર ૨૦૧૯ સુધી રાખેલ છે. નિવાસ સ્થાન ભોજન અને ટ્રીટમેન્ટ સંલગ્ન રૂા.૫૪૦૦ (નોન એસી ચાર મેમ્બર શેરીંગ રૂમ) રૂા.૭૩૦૦ (નોન એસી બે મેમ્બર શેરીંગ રૂમ), રૂા.૯૨૦૦ (એસી બે મેમ્બર શેરીંગ રૂમ) પ્રતિ વ્યક્તિ દીઠ ચાર્જીસ રહેશે. આવવા જવાની ટિકીટ પ્રત્યેક જણ માટે અલગથી રહેશે.

નેચરોપથી, યોગ, આયુર્વેદ, મસાજ, કાયાકલ્પ સાથે વ્યક્તિગત સ્વાસ્થ્ય સલાહ અને તે અનુરૂપ ડાયટ પ્લાન કેમ્પમાં અપાશે.

વહેલા તે પહેલાના ધોરણે દરેક વયના કેડીઓ પોતાનું નામ વહેલી તકે રજીસ્ટ્રેશન કરાવવા સંપર્ક કરે. સંદીપ શાહ-૯૮૬૭૧૬૭૩૮૭, નીતલ લોડાયા-૯૮૧૯૬૮૦૦૨૧, યશોધન કારાણી-૯૮૨૧૧૩૭૩૭૭

# પ.પૂ.કનકગુણાશ્રીજી મ.સા. આદિઠાણા ૪ નો ચાલીસગામ મધે ચાતુર્માસ

પ.પૂ.કનકગુણાશ્રીજી મ.સા. આદિઠાણા ૪નો વિહાર કાર્યક્રમ નીચે મુજબ છે. તા ૪ જૂન મંગળગાર આકોલા નગરે, તા. ૧૦ જૂન સોમવાર ખામગામ મધે, તા. ૧૫-૧૬ જૂન ૨૦૧૯ શનિવાર-રવિવારના મલકાપૂર નગરે વિહાર કરતા કરતા સ્થિરતા કરશે. સકળ સંઘના શ્રાવક શ્રાવિકાઓ સૌ દર્શન વંદન અને પ્રવચન શ્રવણનો લાભ લેવો.

પૂજ્ય સાધ્વીશ્રીનો ચાતુર્માસ પ્રવેશ અષાઢી સુદી તેરસ દીને તા. ૧૪ જુલાઈ ૨૦૧૯ રવિવાર રોજે વાજતે ગાજતે કરાશે. સામૈયાનો લાભ સૌ લે.

# શ્રી નવયુગ યુથ ફોરમ અમદાવાદ દ્વારા સુરત કરુણાંતિકાના મૃત બાળકોને શ્રદ્ધાંજલિ અપાઈ

તા. ૨૪ મે ૨૦૧૯, શુક્રવારના બપોરે ૪ કલાકે સુરતના સરથાણા જકાત નાકા વિસ્તારની તક્ષશિલા આર્કેડ બિલ્ડીંગમાં શોક સર્કિટથી લાગેલ આગ જોત જોતામાં ચાર માળા સુધી પહોંચી ગઈ. આ બિલ્ડીંગમાં ચાલતા વિવિધ કોચિંગ ક્લાસ, ડ્રોઈંગ ક્લાસના બાળકો સપડાઈ ગયા અને જીવ બચાવવાના પ્રયત્નો કરતાં ૨૩ જેટલા કુમળી વયના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓના જીવ ગયા. સુરતના શિક્ષણ જગત માટેનો આ બ્લેક ફ્રાઈડે એ જે કરૂણાંતિકા સર્જી એના પડઘા દેશભરમાં પડ્યા.




શ્રી કે.ડી.ઓ જૈન જ્ઞાતિ મહાજન અમદાવાદ સંચાલિત શ્રી નવયુગ યુથ ફોરમના યુવાનોએ આ દુ:ખદ ઘટનામાં અરિહંતશરણ પામેલ ભૂલકાઓની આત્માની ચીર શાંતિ અર્થે તા. ૨૬ મે ૨૦૧૯ રવિવારના સાંજે ૫ થી ૬ કલાકે શ્રદ્ધાંજલિ અર્પવા સભા રાખેલ. પ્રાર્થના સભામાં ભક્તિગીતોની રજૂઆત શ્રી જયેન્દ્રભાઈ નાયક અને સાથી કલાકારોએ કરી હતી. નવયુગ યુથ ફોરમના સૌએ અને કે.ડી.ઓ. જૈન જ્ઞાતિ મહાજનના મોવડીઓએ નત મસ્તકે મૃતકોને શ્રદ્ધાંજલિ અર્પી. તેમની આત્માની શાંતિ અર્થે પ્રાર્થના કરી હતી.

# બેંગ્લોર મધ્યે સ્વાભિમાન સિનિયર સિટીઝન મેમ્બરો ઉમંગથી કાર્યક્રમ માણ્યો





તા.૨૬ મે ૨૦૧૯ રવિવાર શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજનની સ્વાભિમાન સિનીયર સિટીઝનના મેમ્બરો શ્રી ગુલાબભાઈ હીરજી છેડાના નિવાસસ્થાન મધે મહાકાલી માતાજીની ભાવના અવસરે મળ્યા હતા. સૌએ ભાવનાનો ઉમંગથી લાભ લઈ આનંદ માણ્યો હતો અને ભક્તિ અને ધર્મથી સભર થયા હતા. ભાવના ભણાયા બાદ સ્વાદિષ્ટ લંચનો આસ્વાદ માણ્યો હતો.



સમસ્ત મહાજનના મેનેજીગ ટ્રસ્ટી શ્રી કીર્તિભાઈ ધરમશી અને ટ્રસ્ટીશ્રી હંસ બી. ખીમજી મુંબઈથી ખાસ પધારયા હતા. બેંગલોરના સર્વે વરિષ્ઠજનો અને આયોજકના પરિવારજનો ઉમંગભેર અવસરનો લ્હાવો લીધો હતો.

સમસ્ત મહાજનના ટ્રસ્ટીઓએ ભક્તિભાવ કાર્યક્રમ આયોજન અને ઉષ્મા ભર્યા આતિથ્ય માટે આયોજક શ્રી ગુલાબભાઈ હીરજી છેડાનો આભાર માન્યો હતો. સ્વાભિમાન કમિટી ચેરમેન હેમાબેન છેડા આગામી સમયમાં વરિષ્ઠજનો માટે વિવિધ કાર્ય યોજના અને કાર્યક્રમ યોજવા માટે પ્રતિબધ્ધતા વ્યક્ત કરી હતી.





**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 9769991922**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# ગુણ ગુણોદય સિધ્ધાચલ ૯૯ યાત્રામાં ૧૦૮ યાત્રા પૂર્ણ કરાઈ






ગુણ ગુણોદય સિધ્ધાચલ ૯૯ યાત્રામાં તા.૨૫ મે ૨૦૧૯ શનિવારે યુવા યાત્રિકો બાંઢિયા-કચ્છ હાલે ભાડુંપના વૈભવ મનોજભાઈ લોડાયા અને કચ્છ લાલા હાલે ભાંડુપના રોનિત ગૌતમ દંડએ ૯૯ + ૯ = ૧૦૮ યાત્રા સુખરૂપ પૂર્ણ કરેલ છે. જેની ખૂબ ખૂબ અનુમોદના.

## ૯૯ યાત્રામાં બાળ યાત્રિક દ્વારા નવાણું + નવટુંકની યાત્રા થઈ



દેવગુરૂની કૃપાથી મોટી ખાવડી હાલે ઘાટકોપરના પૂજન દિપક લાલકાએ તા. ૨૫ મે ૨૦૧૯ શનિવારના દાદાની ધ્વજારોહણ મહોત્સવના દિવસે નવાણું + નવટુંકની યાત્રા પૂરી કરેલ છે.

બાળ યાત્રિકની અનુમોદના.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# પાલીતાણા ૯૯ યાત્રાના સંઘપતિઓની સંઘમાળ વિધિ પહેલાં ધાર્મિક ક્રિયા




તા.૩૦ મે ૨૦૧૯ બુધવારના પાલીતાણા ૯૯ યાત્રાના સંઘપતિઓની સંઘમાળ વિધિ થઈ તે પહેલાં દરેક સંઘપતિ પરિવાર તળેટીમાં ધાર્મિક ક્રિયાઓ કરી હતી.

# પાલીતાણા ૯૯ યાત્રાના સંઘપતિઓની સંઘમાળા વિધિ થઈ



ગુરૂ ગુણોદય યુવા ૯૯ યાત્રાની પૂર્ણાકૃતિની ક્રિયા તરીકે સર્વે સંઘપતિઓની સંઘમાળની વિધિ ઉત્તમ રીતે કરાઈ હતી.
આવતા વર્ષે કન્યાઓની માટે ૯૯ યાત્રા માટે ૩૫ સંઘપતિઓના નામ જાહેર થયા હતા. સૌ જણએ ૯૯ યાત્રાની પરંપરા દર વર્ષે થાય એવી ભાવના વ્યક્ત કરી હતી. સર્વે સંઘપતિઓની અનુમોદના... અનુમોદના...




# શ્રી કે.ડી.ઓ.જૈન સર્વોદય મંડળ મુલુંડ દ્વારા હેલ્ધી વુમન સ્પેશિયલ

શ્રી કે.ડી.ઓ.જૈન સર્વોદય મંડળ દ્વારા મુલુંડ દ્વારા હેલ્ધી કેડીઓ વુમન્સ સ્પેશિયલ અંતર્ગત અઠવાડિયામાં ત્રણ દિવસ સમય સવારના ૧૦ થી ૧૧ માત્ર મહિલાઓ માટે યોગ, મેડિટેશન, ફ્લોર એક્સસાઈઝ સાથે શારીરિક સૌષ્ઠવ અનુરૂપ બીજા અન્ય કોર્સ પણ કરાવાશે. ક્લાસીસ તા.૩ જૂન સોમવારથી શરૂ થશે. ત્રણ માસ કોર્સની અવધિની ફી ડાયટ પ્લાન સાથે મેમ્બર માટે રૂા.૧૨૦૦, જ્યારે નવા મેમ્બરર્સ માટે રૂા.૧૭૦૦ રખાઈ છે. વધુ વિગત માટે નિતલ લોડાયા-૯૮૧૯૬૮૦૦૨૧, સ્મિતા શાહ-૯૩૨૨૧૫૫૩૬૭.

# ૯૯ યાત્રામાં ૯૯ + ૯ = ૧૦૮ યાત્રા પૂર્ણ કરી

ગુરૂ ગુણોદય સિધ્ધાચલ ૯૯ યાત્રામાં રાપરગઢવારી હાલે ભાંડુપના યુવા યાત્રિક હર્ષ ધનેશ લોડાયા તા.૨૮મે ૨૦૧૯ મંગળવારે આદિનાથ દાદાના આશીર્વાદથી ૯૯ + ૯ = ૧૦૮ યાત્રા સુખરૂપ પૂર્ણ કરેલ છે. જેની અનુમોદના કરીએ.



# ૯૯ યાત્રાના યાત્રિકોનું સન્માન કાર્યક્રમ સંપન્ન થયું



ગુણ ગુણોદય સિધ્ધાચલ ૯૯ યાત્રામાં તા.૨૮મે ૨૦૧૯ મંગળવાર રોજે યાત્રિકોનું બહુમાન કાર્યક્રમ સંપન્ન થયો. સંઘપતિ પરિવારો અને પ.પૂજ્ય ગુરૂદેવના આશીર્વાદથી બહુમાન કાર્યક્રમ ધન્યતાથી સંપન્ન થયો હતો.







# માતુશ્રી કુંવરજીબાઈ નરશી નાથા મહિલાગૃહ ઉદ્યોગ ટ્રસ્ટનો ગેટ ટુ ગેધર મેડાવો





શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ સંચાલિત માતુશ્રી કુંવરબાઈ નરશી નાથા મહિલાગૃહ ઉદ્યોગ ટ્રસ્ટની કાર્યકર સેવિકા બહેનોનો ગેટ ટુ ગેધર કાર્યક્રમ મેડાવો મુલુંડ મધે તા. ૨૬ મે ૨૦૧૯ રવિવાર રોજે યોજાયો. મહાજનશ્રીના મોવડીઓ અને માતુશ્રી કુંવરબાઈ નરશી નાથા મહિલાગૃહ ઉદ્યોગ ટ્રસ્ટના સંચાલકો વિગેરે સૌને આવકાર આપી વિવિધ બાબતે કાર્યસેવિકા બહેનો સાથે વિશદ ચર્ચા કરી હતી.





# ૯૯ યાત્રાના યાત્રિકો-સંઘપતિઓ શેત્રુંજયી નદીની આરતી કરી





તા. ૨૭-૫-૨૦૧૯ સોમવારના દિવસે ગુરૂ ગુણોદય સિધ્ધાચલ ૯૯ યાત્રાના સૌ યાત્રિકો કાર્યકર્તાઓ અને સંઘપતિઓએ રોહિ શાળાથી શેત્રુંજય ગિરિરાજના દર્શન યાત્રાની પંચતીર્થી યાત્રા કરી અને સાંજે પવિત્ર શેત્રુંજયી નદીની ભવ્ય આરતી સામૂહિક રીતે ઉતારી ભક્તિભાવનું અદ્‌ભૂત વાતાવરણ સર્જ્યું હતું.

# ૯૯ + ૯ = ૧૦૮ યાત્રા પૂર્ણ કરેલ યુવકની અનુમોદના





સિધ્ધાચલ ૯૯ યાત્રામાં દિવસો દિવસ વીતતા ભક્તિનો શ્રધ્ધાનો અને તપ સાધનાનો મહિમા થતો જોવા મળે છે. કચ્છ સાંધણ હાલે મસ્જિદબંદરના રોનિલ અનિલભાઈ મૈશેરી ૯૯ + ૯ = ૧૦૮ જાત્રા પૂર્ણ કરેલ છે. યુવા યાત્રીની ખૂબ ખૂબ અનુમોદના.

# ભાંડુપના લીટલ સ્ટારોની ૯૯ યાત્રા પૂર્ણ





કેડીઓ જૈન સંઘ ભાંડુપની લીટલ સ્ટારો ક્રીષા કમલેશ મૈશરી અને ગીતા લહેરચંદ લોડાયા બન્ને ગુણ ગુણોદય સિધ્ધાચલ ૯૯ યાત્રા સુખરૂપે તા.૨૯મે ૨૦૧૯ બુધવારે પૂર્ણ કરેલ છે. જેની કેડીઓ જૈન સંઘ ભાંડુપ પૂર્ણ રૂપથી અનુમોદના કરે છે.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of '**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**'
(and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

॥ શ્રી અનંતનાથાય નમઃ ॥

કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશન KDO CLASSIC FOUNDATION

TRUST REG. No. E - 32088 (MUMBAI)

: ADMINISTRATIVE OFFICE :

C/o. DOSTI REALTY LTD., LAWRENCE & MAYO HOUSE, 1st FLOOR, 276, DR. D. N. ROAD, FORT, MUMBAI - 400001

PHONE: 2219 8500 FAX : 2205 5556 E-MAIL : kdoclassic.foundation@gmail.com

# : ઓપરેશન અભિયાન :

કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશન જ્ઞાતિજનો માટે વિવિધ નિઃશુલ્ક (FREE) અભિયાન છેલ્લા ૨૦ વર્ષથી ચલાવે છે.

કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશન હવે ક. દ. ઓ. જ્ઞાતિજનો માટે રવિવાર, તા.૯મી જુન, ૨૦૧૯થી નિઃશુલ્ક (FREE) (શરતો આધીન) ઓપરેશનની જાહેરાત કરે છે. આ ઓપરેશન સુપર સ્પેશીઆલીટી જુપીટર હોસ્પીટલ, થાણા, ખાતે કરવામાં આવશે. નીચે દર્શાવેલ ઓપરેશનનો આ અભિયાનમાં હાલ સમાવેશ કરેલ છે. આ ઉપરાંત અન્ય ઓપરેશન અને બીજી તબીબી સેવા બદલ જુપીટર હોસ્પીટલ, થાણે, સાથે અમારી ચર્ચા ચાલુ છે. જેની માહિતી સમય સમય પર જ્ઞાતિજનોને આપતા રહીશું.

## ઓપરેશનની યાદી :

૧. એન્જીઓગ્રાફી (Angiography)
૨. એન્જીઓપ્લાસ્ટી (Angioplasty) – એન્જીઓગ્વાફી કરી સ્ટેન્ટ (Stent) બેસાડવાનું ઓપરેશન
૩. ગોઠણના સાંધા બદલી (Knee Replacement) કરવાનો ઓપરેશન
૪. સ્તનના કેન્સર (Breast Cancer) ની ગાંઠ કાઢવાનું ઓપરેશન
૫. ગર્ભાશય (Uterus)નું ઓપરેશન
૬. સારણ ગાંઠ (Hernia)નું ઓપરેશન
૭. પિત્તાશય (Gall Bladder)નું ઓપરેશન
૮. એપેન્ડીક્સ (Appendix)નું ઓપરેશન

ઉપરોક્ત ઓપરેશન નીચેની શરતોને આધિન નિઃશુલ્ક (FREE) કરાવી આપવામાં આવશે

## શરતો :-

૧. ફક્ત ક. દ. ઓ. જ્ઞાતિજનને જ આ સવલતો અપાશે.
૨. ઓપરેશન અભિયાન ફક્ત આર્થિક જરૂરીઆતમંદ ક. દ. ઓ. જ્ઞાતિજનો માટે જ છે.
૩. સંપૂર્ણ કુટંબની માસિક આવક રૂપિયા ૩૦,૦૦૦ કે તેથી ઓછી હોવી જોઈએ.
૪. કુટુંબનો મેડીકલ વીમો (Floating Medi Claim) કે વ્યતિગત મેડીકલ વીમો હોવો ન જોઈએ.
૫. ઓપરેશન અભિયાનમાં જ્ઞાતિજનને મલ્ટી બેડ (Multi Bed) રૂમમાં રખાશે.
૬. ઓપરેશન પહેલાં જ્ઞાતિજને જુપીટર હોસ્પીટલના એ રોગના ઓપરેશનના તજજ્ઞ (Specialist) ડોક્ટરને મળી એમણે કહેલ ટેસ્ટ કરાવી એમની પાસેથી જ્ઞાતિજનની તબિયત ઓપરેશન યોગ્ય છે (FIT FOR OPERATION) એ સર્ટિફીકેટ મેળવી એ સર્ટિફીકેટ સાથે અમને અરજી કરવાની રહેશે.

...2.

૭. ઉપરોક્ત કલમ : ૬ અનુસાર જ્ઞાતિજન તરફથી જુપીટર હોસ્પીટલમાં ઓપરેશન કરાવવાની અરજી તથા જુપીટર હોસ્પીટલના ડોકટરનું જ્ઞાતિજનની તબિયત ઓપરેશન યોગ્ય છે (FIT FOR OPERATION) એ સર્ટિફીકેટ સાથે મળેથી જ્ઞાતિજન ઓપરેશન માટે જુપીટર હોસ્પીટલમાં દાખલ થાય ત્યારે જ્ઞાતિજને ડોક્ટરની કન્સલટેશન ફી તથા એમણે કરાવેલ ટેસ્ટનું જુપીટર હોસ્પીટલને ભરેલ બીલ રજુ કરતા એ બીલ મુજબની રકમ જ્ઞાતિજન યા એમના કુટુંબને પાછી આપવામાં આવશે.

૮. જુપીટર હોસ્પીટલમાં જ્ઞાતિજને ક્યા ડોક્ટરને બતાવવાનું છે તે અમને ફોન કરી પૂછી લેવાનું રહેશે.

૯. કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશનના ઓપરેશન અભિયાન હેઠળ જુપીટર હોસ્પીટલ, થાણેમાં ઓપરેશન કરાવવું કે નહીં એનો નિર્ણય જ્ઞાતિજને સમજી વિચારી પોતે યા એમના કુટુંબીજનોએ પોતાની સંપૂર્ણ જવાબદારી પર લેવાનો છે. કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશનની ફકત નાણાંકિય જવાબદારી રહેશે. કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશનની અન્ય કોઈ પણ જવાબદારી રહેશે નહીં.

૧૦. જ્ઞાતિજનનું ઓપરેશન કરાવી આપવું કે નહીં તેનો નિર્ણય કરવાની સત્તા કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશનના ટ્રસ્ટીઓની રહેશે. એમણે લીધેલા નિર્ણયનો ખુલાસો આપવા ટ્રસ્ટીઓ બંધાયેલા રહેશે નહીં.

## : જ્ઞાતિ જોગ અપીલ :

આપ સર્વ જ્ઞાતિજનને વિદીત છે જે કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશન છેલ્લા ૨૦ વર્ષોથી જ્ઞાતિજનો માટે નિયમીત વિવિધ નિ:શુલ્ક (FREE) અભિયાન ચલાવી રહ્યું છે. અત્યાર સુધી આ અભિયાનો ચલાવવા ફંડ માટે જ્ઞાતિ પાસે અમે આવ્યા નથી. ઓપરેશન અભિયાન શરૂ કરી કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશન તબીબી ક્ષેત્રે હરણફાળ ભરી રહ્યું છે. આ ઓપરેશન અભિયાન માટે બહુ મોટા ફંડની જરૂર રહેશે. અમારી સર્વ જ્ઞાતિજનોને નમ્ર વિનંતી છે જે અમને શક્ય તે નાણાંકીય મદદ કરશોજી.. આપના કુટુંબના સારા પ્રસંગોએ કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશનને યાદ કરી ફાઉન્ડેશનને આ ઉમદા કાર્યમાં મદદ કરશોજી. કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશન પાસે 80-G ( No.: CIT(E)/80G/2462/2017-18 ) સર્ટીફિકેટ છે.

## : BANK DETAILS :

| | |
|---|---|
| NAME | : KDO CLASSIC FOUNDATION. |
| BANK | : SHRI ARIHANT CO-OP. BANK LIMITED. |
| BRANCH | : MULUND (West), MUMBAI. |
| ACCOUNT NO. | : 002001006986 |
| IFSC CODE | : ICIC0ARIHT (ICIC Zero Zero) |

આપ અમારા ખાતામાં રકમ જમા કરાવો તો એની માહિતી શ્રી મણિકાંત હીરજી ધુલ્લાને આપશોજી તથા રસીદ કોના નામથી બનાવવી છે તે પણ જણાવશોજી.

## : સંપર્ક :

શ્રી મણિકાંત હીરજી ધુલ્લા : MOBILE : 98201 41919 E-MAIL : kashmira@pratapxlnc.com

સમય : માહિતી મેળવવા ફકત સવારના ૧૦ થી ૧૨ ઈમરજન્સી : ૨૪ કલાક

શ્રીમતી તેજલબેન રાજેશ શાહ : MOBILE : 98209 53425 E-MAIL : tejal@dostirealty.com

સમય : માહિતી મેળવવા ફકત સવારના ૧૦ થી ૧૨ ઈમરજન્સી : ૨૪ કલાક

# ગુણ ગુણોદય સિધ્ધાચલ યુવા ૯૯ યાત્રાના સંઘ પતિની સંઘમાળ કરાઈ

ગુણ ગુણોદય સિધ્ધાચલ યુવા ૯૯ યાત્રામાં સંઘ માળની વિધિ ક્રિયા પ્રસંગે સંઘપતિ અને સક્રિય કાર્યકર, ગુરૂદેવના ચહિતા શ્રાવક ભરત ભાઈ ચત્રભોજ લોડાયા કાંકણ ગામ સાંધાણ હાલે વડોદરા.





## આધ્યાત્મ યોગી ગુરૂદેવ ઉદયરત્ન સાગરજી મ.સા.નો વિહાર કાર્યક્રમ

આધ્યાત્મ યોગી ગુરૂદેવ ઉદયરત્ન સાગરજી મ.સા. અને યુવા મુનિ ગુણવલ્લભ સાગરજી મ.સા. આદિથાણા પાલીતાણા તીર્થથી નીકળી આગળ વિહાર કરતા તા.૧ જુન શનિવારના સવારની સ્થિરતા મહેન્દ્ર પુરમ તીર્થએ કરી.

આગળનો વિહાર વલ્લભપુર તરફનો રહેશે, તો સહુ ગુરૂભક્તો દર્શન વંદનનો લાભ લઈ ધન્યતા થવાનો સુખ પામે એ વિનંતી.




# ગુરૂ ગુણોદય ૯૯ યાત્રામાં સાત જાત્રા કરી પારણું કરાયું

ગુરૂ ગુણોદય સિધ્ધાચલ ૯૯ યાત્રામાં તા.૨૬મે ૨૦૧૯ રવિવારના યુવા યાત્રિક દુવાંશ જયેશ મહેન્દ્રભાઈ પીર સુથરી હાલે ડોંબિવલીએ છઠ કરી સાત જાત્રા કરી પારણું કરેલ. તેમને અધ્યાત્મયોગી પ.પૂ.શ્રી ઉદયરત્નસાગરજી મ.સા.એ પારણું કરાવેલ.








ISO 9001:2015
INSURANCE SERVICES
CERTIFIED COMPANY
You're safe in our hands.
SINCE 1977

**Bipin Nagda**
**Insurance & Financial Services**
**An ISO 9001:2015 Certified Co.**

**India's Leading Agent**
682, Ajanta Compound, Bhiwandi.
Tel.02522-232190/231411/254011
**Mob. : 9323525000**
Email : bipinpnagda@gmail.com,
Web. : www.bipinnagda.com

**VEENA NAGDA BOLLYWOOD MEHENDI QUEEN ACADEMY**

મેહંદી ના ઑર્ડર પર લઈ જવા માં આવશે.

**CERTIFICATE COURSE**
All Types of Mehendi & Personality Development

40 Years Experience in Mehendi

- Basic
- Floral
- Cutwork
- Movie Mehendi
- Figure
- Western
- Portrait

Etc.

Special Discount KDO



**BATCH IS STARTING FROM 2ND JAN2019**
For Inquiry & Admission Time : 11 am to 4 pm
Working Women's Special Batch on Sunday
**OUT OF MUMBAI,INQUIRIES ALSO AVAILABLE.**

Add : 52 Anant Niwas,Third floor,
Bhat Bazar,N.N.Street,
Masjid Bunder(W),
Near Railway Station
Above E.H.kathawala
Call : 9820431717 / 9920641717
Email : veenanagda17@gmail.com

Special Discount For S.S.C

We also book bridal & party orders

www.veenabollywoodmehendi.com

# કેડીઓ જ્ઞાતિનું ગૌરવ વધારતી ડેન્ટિસ્ટ ડૉ.જીની શાહ





ખાર મુંબઈની સ્પેશ્યિલિસ્ટ ડેન્ટીસ્ટ ડૉ.જીની શાહ જે હિતેન્દ્ર એમ. ધરમશીની પુત્રી છે તેઓ ટીવી સ્ટાર અને બોલીવુડની ઘણી સેલિબ્રિટીઓ, એક્ટર, સ્પોર્ટ પર્સન્સ અને વિવિધ નામવંત વ્યક્તિઓ જેવી નીતુ સિંહ-કપુર, રણબીર કપુર, દીપિકા પદુકોણ, જોન એબ્રાહમ, આલિયા ભટ્ટ, સચીન તેન્ડુલકર વિગેરે સુશ્રૃષા-ઉપચાર કર્યા છે. જેના કાર્યથી કેડીઓ સમાજ ગૌરવ અનુભવે છે.













# ૯૯+૯=૧૦૮ યાત્રા પૂર્ણ કરનારની અનુમોદના

ગુરૂ ગુણોદય સિધ્ધાચલ ગિરીરાજ ૯૯ યાત્રાના યુવા યાત્રિક કચ્છ લાલાના હાલ ખીરકીયાના દિવ્યાંશ વિક્રમભાઈ નાગડા આદિનાથ દાદાની ભક્તિ, શ્રદ્ધા અને આસ્થાના બળે તેમના પૂર્ણ આશીર્વાદથી ૯૯+૯=૧૦૮ યાત્રા સુખ શાતાથી પૂર્ણ કરેલ છે. જે માટે ખૂબ ખૂબ અનુમોદના

# હૈદ્રાબાદ નગરે જન્મ કલ્યાણક ભવ્ય વરઘોડો





અચલસગચ્છ જૈન સંઘ હૈદ્રાબાદના જિનાલયના મૂળ નાયક શ્રી શાંતિનાથ પ્રભુજીના જન્મકલ્યાણક નિમિત્તિ ભવ્ય પાલખી યાત્રા-વરઘોડો વાજતે ગાજતે નીકળ્યો હતો. આ ઉત્સવ નિમિત્તે પ્રભુજીના ભવ્ય અંગ રચના કરાઈ હતી. સકળ સંઘના શ્રાવક શ્રાવિકાઓ ઉત્સાહ ભેર પર્વ પ્રસંગમાં જોડાઈ આનંદથી પ્રભુ પ્રીતિ ભાવથી માણી હતી.






● કચ્છી કલાકાર કુમાર કે મકવાણા લિખિત અને દિગ્દર્શિત ફિલ્મ આઈ.એમ. બન્નીનું ૧૧મા આંતરરાષ્ટ્રીય બાળ ફિલ્મોત્સવમાં લખનૌ ખાતે પ્રીમિયર શો યોજાયો. બેટી પઢાઓ ની થીમ આધારીત કચ્છના બન્ની વિસ્તારની એક છોકરીને કેન્દ્રમાં રાખીને બનેલી આ બાળફિલ્મ સત્યઘટના આધારિત છે. આ ફિલ્મમાં ગૌરવ ગર્ગ, રોશની વાલિયા અને ખુદ કે-કે મકવાણા મુખ્ય ભૂમિકામાં છે. પ્રીમિયરમાં ૩૨૦૦ લોકો ઉપસ્થિતિ રહીને ફિલ્મ માણીને પ્રશંસા કરી હતી.

● ગાયનકલા ક્ષેત્રે દેશભરના દિગ્ગજ કલાકારોની હરોળમાં પસંદગી પામતાં ભુજ શહેરના બંકીમ ઉપાધ્યાયના પુત્રી અને જાણીતા કલાકાર સોલી કાપડીયાના પત્ની નિશા ઉપધ્યાય કાપડિયાને રેડિયામિરચી દ્વારા મિરચી મ્યુઝિક એવોર્ડથી સન્માનિત કરાયા છે. ૨૦૧૮માં ફિમેલ વોકાલિસ્ટ ઓફ ધ યર એવોર્ડથી સન્માનિત કરાયા હતા. પૂણેના.રામકૃષ્ણ મોટે હોલમાં મિરચી મ્યુઝિક એવોર્ડ સમારોહમાં પંડિત હૃદયનાથ મંગેશકર, સુદેશભોસલે, રવિન્દ્ર સાઠે, અશોક પત્કી, સચિન પિલગાંવકર વિગેરે ઉપસ્થિત રહ્યાં હતા.

● કચ્છમાં કચ્છ જિલ્લા વન વિકાસ નિગમ લીમીટેડ દ્વારા વાર્ષિક રીતે સરેરાશ એક હજાર કિવન્ટલ મધ એકત્ર કરાય છે. ગત વર્ષે મેઘરાજાની અવકૃપા થતાં કાળમુખા દુષ્કાળની પરિસ્થિતિ સર્જાઈ છે. વન્યજીવનના અસ્તિત્વ પર જોખમ ઊભું થયું છે. ખેતી વાડી સૂની સૂની ભાસી રહી છે. ત્યારે મધ ઉત્પાદન પર પણ ભારે ફટકો પડ્યો છે. સમગ્ર રાજ્યમાં ૯૦ ટકા મધ પૂરૂ પાડતા સરહદી જિલ્લા કચ્છમાં આ વર્ષે એક ટીપું મધ એકત્ર ન થતાં જિલ્લા વનવિકાસ ભારે અચંબિત બની પરેશાન છે.

● કચ્છની ઐતિહાસિક લખપતની ભૂમિપર શીખ સમુદાયના ગુરૂ નાનકજી મહારાજના ૫૫૦ના પ્રકાશ પર્વની ધામધૂમથી ઉજવણી કરવા તડામાર તૈયારી ચાલી રહી છે. આ પ્રકાશપર્વની ઉજવણી પ્રસંગ ૫૫૦વૃક્ષો વાવવાનો પણ સંકલ્પ લેવાયો છે. છેલ્લા ૩૦ વર્ષથી આર્થિક સહયોગ આપતા કાર્ગો મોટર્સના જયંત નંદાનું સન્માન કરાયુ. યાત્રિકોને રહેવા માટે ૧૮ ઓરડાનું બાંધકામ પૂર્ણતાને આરે છે. રાજ્ય સરકાર દ્વારા પાંચકરોડની ગ્રાન્ટ ફાળવાઈ છે.

● ભગવાન મહાવીર પશુરક્ષા કેન્દ્ર એંકરવાળા અહિંસાધામ દ્વારા તા. ૮ જૂન શનિવારથી તા. ૧૬ જૂન રવિવાર સુધી પૂ. મોરારી બાપુના મુખે રામકથાનું આયોજન કરાયું છે. પ્રાગપુરથી ૯ કિ.મી.ના અંતરે નંદી સરોવર પાસેના વિશાળ મેદાનમાં ૩૦ હજારથી વધુ લોકોનો સમાવેશ થાય તેટલો શમિયાણો ઊભો કરાશે. કચ્છના ૯૦૦ ગામના લોકોને કથા શ્રવણનો લાભ મળશે.

● નેશનલ લિગલ સર્વિસ ઓથોરેટી-નાલસા દ્વારા દરવર્ષે દેશના પ્રતિભાવંત અને ઉત્કૃષ્ટ કામગીરી કરનારા તમામ રાજ્યો માંથી પસંદગી પામેલા વકીલોનું સન્માન કરાય છે. તે અંતર્ગત ગુજરાતમાંથી વર્ષ ૨૦૧૮ના બેસ્ટ પેનલ એડવોકેટ તરીકે ભુજના યુવા ધારા શાસ્ત્રી પ્રવીણ દિનેશચંદ્ર ઘોળકિયાની પસંદગી કરાઈ. તેમની કાનૂની સેવામાં શ્રેષ્ઠ કામગીરી બદલ દિલ્હીના વિજ્ઞાન ભવનમાં ન્યાય અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી ખાતાના કેન્દ્રીય પ્રધાન રવિશંકર પ્રસાદ અને નાલસાના ચેરમેન જસ્ટિટ મદન બી લોહારના હસ્તે સન્માનિત કરાયા હતા.

● જાયન્ટસ ગ્રુપ ભુજ અને સાહેલી દ્વારા બે દિવસીય સુજોક નિદાન અને સારવાર કેમ્પ ડૉ. સુરેશ તન્નાની સેવાઓ દ્વારા ઉજવાયો હતો. કેમ્પમાં ૧૨૭ દર્દીઓએ લાભ લીધો હતો. શરીરમાં કોઈપણ દવા ન જવા છતાં રોગનું નિદાન સારવાર થઈ શકે તે ઉપલબ્ધિનો લાભ લીધો હતો.

**આવો આપણે સૌ ભેગા મળીને**
**એક જ્ઞાતીભાઈને બચાવીએ,**
**એક પરિવારને બચાવીએ...**
**આવો કેડીઓની એકતાને સાર્થક કરીએ...**

Samast Mahajan, Sanjivani Initiative

# Give a Gift of Life

## DONATION NEEDED!

(Case-1, Phase-2)

**LALIT KALYANJI SHAH, AGE 36, SUTHRI (KUTCHH), Pendawala**

Is In Mumbai from Feb'19 as he is undergoing treatment in Jupiter Hospital, Thane for Blood disorder and Serious Liver issue. Doctors team has suggested for immediate Surgery called

**TIPS ( Transjugular Intrahepatic Portosystemic Shunt)**

## A kind of Bypass Surgery for Liver!



**Total Cost Estimate for this Surgery at Concessional Rate is Rs. 6.30 Lacs including the cost of Stents.**

## NOW HE NEED ONLY Rs. 3.30 Lacs

## Your small help can save his life.

**Bank Details:**

Name: **Shri Samasta Kutchi Dasa Oswal jain Mahajan**
Bank : **Dena Bank** Branch : **Mulund (West)**
**S. A/C. No. 009410031785 IFSC code. : BKDN0460094**

For Live Donations on Sanjivani App
pls contact: **+91 90990 41414**

**Shri Samast KDO Jain Mahajan Medical Committee**

## જીવન ઘટમાળ

**• આંતરજ્ઞાતિ સગપણ •**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૬-૦૫-૨૦૧૯ | હુબલી | સચિન ચિંદાનંદ લિંગપ્પા સિગલી | હુબલી | ૨૮ |
| | હુબલી | નિધી બંકિમચંદ દેવશી મોમાયા | ડુમરા | ૨૩ |

**• લગ્ન •**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯-૦૫-૨૦૧૯ | ગાંધીધામ | પ્રણવ જવેરચંદ આણંદજી ખોના | સાંધવ | ૨૫ |
| | અમલનેર | માનસી હરીશભાઈ પદમશી લોડાયા | નલિયા | ૨૪ |

**• મરણ •**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૬-૦૫-૨૦૧૯ | ઘાટકોપર (પૂ) | લહેરચંદ શિવજી નાગડા | નલિયા | ૮૧ |
| ૨૭-૦૫-૨૦૧૯ | રાવેર | ગિરીશ ઉમરશી મૈશેરી | લાલા | ૬૨ |
| ૨૮-૦૫-૨૦૧૯ | મલકાપુર | સરલાબાઈ કાંતીલાલ નાગડા | પરજાઉ | ૮૨ |

## નાગડા ગૌત્ર નલિયાના કુળદેવી શ્રી અંબે માતાની સમૂહ પહેડી-ધ્વજા રોહણનું આયોજન

તા. ૩ જુલાઈ બુધવારના રોજે નાગડા ગૌત્ર નલિયાના કુળદેવી શ્રી અંબે માતાની સમૂહ પહેડી અને ધ્વજા રોહણનું આયોજન કરાયું છે. જેમાં સવારે ૧૨.૩૯ કલાકે સિધ્ધિદાયક શ્રી સિધ્ધચક્ર મહાપૂજન પંડિત કેવલભાઈ સાવલા અને સંગીતકાર નિશાબેન સંઘવીના સથવારે થશે. રાત્રે ૮.૩૦ કલાકે માતાજીની ભાવના અને ભવ્ય આરતી ગાયિકા, સંગીતકાર નિશા સંઘવી અને સાથી કલાકારોના સથવારે થશે. પૂજા તથા સ્વામીવાત્સલ્યના લાભાર્થી પરિવાર માતુશ્રી દેવકાંબાઈ શિવજી લખમશી નાગડા પરિવાર હસ્તે માતુશ્રી તારામતી લહેરચંદ શિવજી નાગડા, નલિયા, ઘાટકોપર છે.

આ પુનિત પ્રસંગે નલિયામાં નાગડા ગૌત્રના અંબે માતાને નમતા સર્વે ભાવિકો તથા નિયાણી બહેનોને સહપરિવાર પધારવાનું સહર્ષ નિમંત્રણ છે. વધુ વિગત માટે સંપર્ક જુગલ એમ. નાગડા મોનં. ૮૮૬૬૬૯૨૬૬૬, મહેશ એસ. નાગડા ૯૪૨૮૬૮૪૩૨૭, શ્રી શ્રેણીક ટી. નાગડા મોનં. ૯૪૨૬૭૩૧૬૮૪, મહેશ કે. નાગડા ૯૭૨૬૬૮૬૮૫૧ તથા ચેતન એલ. નાગડા મો.નં. ૯૮૨૦૧૦૫૦૭૮.


## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

**પ્રોજેક્ટ સ્વાભિમાન હેઠળ યોજવામાં આવનારી પ્રવૃત્તિઓની એક ઝલક**

• **દર મહિને આરોગ્યને લગતો એક ન્યુઝ લેટર :** કેડીઓના ડોક્ટરોની મદદ લઇને અમે સિનિયર સિટિઝનોને ઉપયોગી નીવડે એવી આરોગ્ય, ડાયટ, લાઇફસ્ટાઇલ, કસરત વગેરેને લગતી માહિતિ સાથેના માસિક લેખો પ્રગટ કરીશું.

• **કેડીઓ હોમ સ્ટે/ એર બીએનબી :** બહારગામના કેડીઓ પરિવારો, વિદ્યાર્થીઓ, વ્યાવસાયિકોને ટૂંકા ગાળા માટે અથવા લાંબા સમય માટે રહેઠાણની સુવિધા આપવાની સિનિયર સિટિઝનોને તક આપવામાં આવશે.

• **ઘરેથી કામ કરવાની સુવિધા/ પાર્ટ ટાઈમ જોબ :** જેમને આવા જોબમાં રસ હોય એ પોતાના રસ અથવા કુશળતાના વિષયો જણાવી શકે છે, જેના આધારે સ્વાભિમાન ટીમ એ પ્રકારના કામ કરાવવાની જેમને જરૂર હોય એમની સાથે સિનિયર સિટિઝનોને મેળવી આપશે.

• **અન્ય પ્રવૃત્તિઓ જેવી કે :** કોર્પોરેટ સીએસઆર, મનોરંજક કેન્દ્રો, વૃદ્ધાશ્રમો, ટેકનોલોજીના બેઝિક ઉપયોગ વગેરે.

**આ ઉપરાંત અલગ અલગ મહાજનો પોતાની રીતે નવી પ્રવૃત્તિઓ શરૂ કરી શકે છે. જેમ કે:**

• દરેક મહાજનની ટીમ સ્વાભિમાનના સભ્યો દર મહીને સગવડ અનુસારની જગ્યાએ મળે. (દૂર રહેતા સભ્યો બે ત્રણ જૂથોમાં વહેંચાઇને મળી શકે છે).

• ઇનડોર ગેમ્સ અથવા હોબીઝ ડેનું આયોજન કરી શકે છે.

• જન્મદિનની પાર્ટી અથવા મહીનાના કોઇ ખાસ દિવસની ઉજવણી કરવી

• બેન્કીંગ, આધાર, વસતિપત્રક એપ, ફેસબૂક વગેરે જેવી ઓનલાઇન સર્વિસનો ઉપયોગ કરવો

• જાત્રાનું આયોજન કરવું અથવા અન્ય ટ્રિપ્સ કરવી.

આ તો હજુ શરૂઆત છે. દરેક મહાજન પોતાના વિસ્તારની વિશેષ જરૂરિયાતોને લગતા સૂચનો મોકલી શકે છે અને સુધારા માટેનું ફીડબેક અમને આપી શકે છે.

**ચેરપર્સન – હેમાબેન ગુલાબ છેડા** **કન્વીનર – હંસ ભવાનજી ખીમજી**

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલી



## લહેરચંદ શિવજી નાગડા

**ગામ - (નલીયા) હાલે ઘાટકોપર • ઉ.વ.૮૨ • અરિહંતશરણ : તા. ૨૬-૦૫-૨૦૧૯**

પ્રેમાળ હતી મૂરત આપની, નેહ ભરેલ હતાં નયન, ધર્મ તણી શ્રધ્ધા બળવાન,
સર્વ જીવો પ્રત્યે કરૂણાવાન, સંબંધોની એવી સાચવી ગરિમા, આત્મિય ગુણો તણા ધનવાન,
હવે નથી રહ્યો આપનો સાથ, અમારી સ્મૃતિમાં નહી વિસરાય આપની યાદ,
બાગબાનના પુષ્પોને વાત્સલ્યતાથી ભીંજવનારા....
વાત્સલ્મૂર્તિ વડીલશ્રીના આત્મા પ્રતિ આદર-વંદના.

**હૃદયમાં ભરી પુષ્પ પાંખડી, મુખે રાખી અમૃત સમાન વાણી,
આ ચોર્યાશીના ફેરા ટાળી, પામો તમે શાશ્વત સુખી સરવાણી.
આપનો દિવ્ય આત્મા પામે પર પદ એ જ પ્રભુ પાસે પ્રાર્થના**

**-: શોકાતુર :-**
**નલિયા એકતા પરિવાર મુંબઈ**




KDO Gyatimaiya Weekly E-magazine KDO